ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# તમારી જાતને અજોડ અને અણનમ બનાવો : ડૉ. એપીજે અબ્દુલ કલામ

## ચિલોડાની ચૈતન્ય સ્કૂલમાં પૂર્વ રાષ્ટ્રપતિ ભારત રત્ન ડૉ. એપીજે અબ્દુલ કલામનો વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ : શિક્ષણ આગળ વધીને ઉડવા માટે પાંખો આપે છે, સફળતાનો આધારસ્તંભ માતા-પિતા અને પ્રાથમિક શિક્ષક છે : ડૉ. કલામ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના પાદરે આવેલ ચિલોડાની ચૈતન્ય સ્કૂલમાં એક કાર્યક્રમમાં ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ભારત રત્ન ડૉ. એપીજે અબ્દુલ કલામે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠિ કરી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગરની શહેરી અને ગ્રામીણ એવી કુલ ૨૦ શાળાઓમાંથી લગભગ ૯૦૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને એપીજે અબ્દુલ કલામને સાંભળ્યા હતા.






ભારતના સર્વોત્તમ વૈજ્ઞાનિક અને ભારત રત્ન એવા એપીજે અબ્દુલ કલામનો કાર્યક્રમમાં પ્રવેશ થતા જ 'સારે જહાં સે અચ્છા...' ગીત ગાઈને તમામ શ્રોતાઓએ ભાવભર્યુ સ્વાગત કર્યું હતું. તેમણે તેમના વ્યક્તવ્યમાં બાળકોને પ્રોત્સાહિત કરતાં શિક્ષણના મહત્વને પણ સુપેરે સમજાવ્યું હતું. તેમણે 'અણનમ જુસ્સો અને યુવા પેઢી'ને તેમના વ્યક્તિત્વનો મુદ્દો બનાવી શિક્ષણ દ્વારા આગળ વધીને ઉડવા માટેની પાંખો મળે છે તેમ જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થી જીવનને નવી દિશા નવો ધ્યેય અને નવી સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે શિક્ષણ મહત્વનો ભાગ ભજવે છે તે જણાવતા બાળકોને 'તમારી જાતને અજોડ અને અણનમ બનાવો' તેવી શીખ આપી હતી. અજોડ બનવા માટે તેમણે ચાર પાસાંનો ગુરૂમંત્ર આપ્યો હતો. જેમાં ઉચ્ચ ધ્યેય, પુરુષાર્થ, જ્ઞાન તેમજ મુશ્કેલી-અડચણો સામે લડવાના જુસ્સાનો સમાવેશ કરવા પર ભાર મુક્યો હતો.

જીવનમાં સફળતાનો આધારસ્તંભ માતા-પિતા અને પ્રાથમિક શિક્ષક હોવાનું જણાવતા તેમણે પ્રાથમિક શિક્ષક જીવનનું પહેલું પગથિયું ચઢાવે છે તેનું મહત્વ સમજાવ્યું હતું. ડૉ. એપીજે અબ્દુલ કલામે વિદ્યાર્થીઓને જુસ્સો ચઢાવતા દેશ માટે કંઈક કરી બતાવવા આહ્‌વાન આપ્યું હતું અને કહ્યું કે 'યોર ડ્રીમ શુડનોટ અ સ્લીપ, બી ઓલ્વેઝ રેડી ટુ ફાઈટ ધ પ્રોબ્લેમ' એટલે કે તમારૂ સ્વપ્ન નિંદરનું નહીં પરંતુ મુશ્કેલીઓથી લડવાનું હોવું જોઈએ. તેમના પ્રેરણાત્મક ઉદ્‌બોધન પછી તેમણે તમામ વિદ્યાર્થીઓ સાથે ઉષ્માભર્યો વાર્તાલાપ કર્યો હતો અને તેમની જિજ્ઞાસા સંતોષતા તમામ સવાલોના જવાબ આપ્યા હતા. તેમની નિખાલસા અને સરળતા જોઈ તમામ બાળકો સહિત હાજર સૌ કોઈ પ્રભાવિત થયા હતા અને આ વિરલ વિભૂતિને રૂબરૂ જોવાનો અને સાંભળવાનો અમૂલ્ય લ્હાવો મળ્યા બદલ ગર્વની લાગણી અનુભવી હતી. કાર્યક્રમના અંતમાં રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું હતું.





સભ્ય નોંધણી ઝુંબેશ - ભારતીય જનતા પાર્ટીની સભ્ય નોંધણી ઝુંબેશ આજકાલ આગળ ધપી રહી છે... સેક્ટર-૩માં નિવાસસ્થાન ધરાવતા ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરુષોત્તમ રૂપાલાએ આજે પોતાના સભ્યપદની નોંધણી કરાવી હતી. આ પ્રસંગે ભાજપના પદાધિકારીઓ અને નગરસેવકો ઉપસ્થિત રહ્યા હતા. તો બીજી તસવીરમાં સામાન્ય નાગરિકને પણ ભાજપમાં જોડવાના અભિયાનરૂપે પુરુષોત્તમ રૂપાલાના નેતૃત્ત્વમાં શાકભાજીની લારીવાળા નાગરિકને પણ સભ્યપદે નોંધણી કરી હતી. આ પ્રસંગે મેયર મહેન્દ્રસિંહ રાણા અને અન્ય નગરસેવકો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# કોર્ટ સંકુલ પાસેથી ખૂનનો આરોપી ફરાર

## કોર્ટ સંકુલ બહાર પોલીસ જાપ્તામાંથી ખૂન કેસનો આરોપી પોલીસ અને વકીલને ધક્કો મારી આરોપી આંખના પલકારામાં છૂ થઈ ગયો

ગાંધીનગર, તા.૨૦

કોર્ટ સંકુલમાંથી આજે મર્ડર કેસનો આરોપી પોલીસને ચકમો આપી ફીલ્મી ઢબે ફરાર થઈ ગયો હતો. કોર્ટ મુદતે હાજરી આપ્યા બાદ બહાર લઈ જતી વેળાએ મર્ડર કેસના આરોપી રાજુએ પોલીસને ધક્કો મારી બાઈકની છલાંગ લગાવી દોટ મૂકી હતી. આંખના પલકારામાં જ આરોપી પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ ગયો હતો. ઘટનાના પગલે કોર્ટ સંકુલ બહાર વકીલો ટોળે વળી ગયા હતા.

કોર્ટ સંકુલમાં આજે સવારે પોલીસ ખૂન કેસના આરોપીને કોર્ટમાં મુદત દરમિયાન હાજરી આપવા લઈને પહોંચી હતી. કોર્ટમાં હાજરી આપ્યા બાદ પોલીસ આરોપી રાજુ સોમાભાઈ માલવાડને બહાર લઈને આવતી હતી તે વેળાએ જ આરોપી પોલીસને ધક્કો મારી નાસી ગયો હતો. પોલીસને ચકમો આપી નાસતા આરોપીએ એક વકીલને પણ અડફેટે લીધા હતા. જયારે આરોપીને ગિરફતમાં લેવા પોલીસ પણ પાછળ દોડી હતી. પરંતુ આરોપી ફરાર થઈ ગયો હતો. આરોપી રાજુ સોમાભાઈ માલવાડ મૂળ પંચમહાલ જિલ્લાનો રહેવાસી છે. તા. ૧૧ નવેમ્બર ૨૦૧૩ના રોજ પ્રેસ સર્કલ છાપરા પાસે પ્રેમિકા અરવિંદા સાથે મળી તેણીના પતિનું માથુ છુંદી હત્યા કરી હતી. આ મામલે સે-૨૧ પોલીસે ગુન્હો નોંધી આરોપીની ધરપકડ કરી હતી જયારે આ કેસ સંદર્ભે આરોપીને આજે કોર્ટમાં મુદત અર્થે રજુ કરાયો હતો. પોલીસે આ બનાવ સંદર્ભે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે ગાંધીનગરમાં કાલુપુર સ્વામિનારાયણ મંદિર અમદાવાદના ગાદીપતિ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદ મહારાજે સંતવર્યો સાથે શુભેચ્છા મૂલાકાત લીધી હતી. રાજયના -થમ મહિલા મુખ્યમંત્રી તરીકે મહિલા સશકિતકરણની અનેકવિધ વિવિધ પહેલ અને ગતિશીલ વિકાસના મુખ્યમંત્રીશ્રીના વિઝનની પ્રસંશા કરતાં તેમણે શ્રીમતી આનંદીબહેનને સુશાસનની શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

# સેકટરોના એપ્રોચને ફોર લેન બનાવવાની યોજના અભેરાઈએ

## દરખાસ્ત સંદર્ભે બે વર્ષના અંતે પણ નિર્ણય લેવાયો નથી

ગાંધીનગર, તા.૨૦

શહેરના સેકટરોના એપ્રોચ માર્ગને ફોરલેન બનાવવા તંત્ર કક્ષાએથી રજૂ કરાયેલી દરખાસ્ત સંદર્ભે બે વર્ષના અંતે પણ કોઈ નિર્ણય લેવાયો નથી જેના પરિણામે સેકટરોના એપ્રોચ રસ્તાઓને ફોરલેન કરવાની યોજના અધ્ધરતાલ છે.

શહેરમાં વાહનોની સંખ્યા વધતા માર્ગો પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. માર્ગો પર સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળી રહ્યો છે જયારે સેકટરોના આંતરિક રસ્તાઓ ઉપર પણ વાહનોની અવર જવર વિશેષ બની છે. માર્ગ વાઈડનીંગની સાથે સેકટરોના એપ્રોચ રસ્તાઓમાં સુધાર લાવવાનું અનિવાર્ય બન્યું છે. ખાસ કરીને સેકટરોના એપ્રોચ રોડને ફોરલેન બનાવવાની નિવાર્યતા ઉભી થઈ છે. મુખ્યમાર્ગો સાથે જોડાયેલા સેકટરોના એપ્રોચ રસ્તાઓ માર્ગ સલામતીની દષ્ટિએ જોખમી બન્યા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. શહેરમાં ફૂટપાથ નિર્માણ દરમિયાન સેકટરોના એપ્રોચ માર્ગને ફોરલેન બનાવવાના આયોજનને ધ્યાનમાં લઈને કામગીરી કરવામાં આવી નથી. જેથી સેકટરોના એપ્રોચને ફોરલેન બનાવવા તંત્ર દ્વારા બે વર્ષ અગાઉ વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી પરંતુ લાંબા સમયના અંતે પણ દરખાસ્ત સંદર્ભે કોઈ વિચારણા હાથ ધરવામાં ન આવતા સમગ્ર યોજના અધ્ધરતાલ છે.

# આજે ખેલ મહાકુંભનો સમાપન સમારોહ

ગાંધીનગર, તા.૨૦

રમશે ગુજરાત જીતશે ગુજરાતના મંત્રને સાર્થક કરવા પ્રતિ વર્ષ યોજાતા ખેલ મહાકુંભ ૨૦૧૪નો સમાપન સમારોહ તા. ૨૧ નવેમ્બરના રોજ અમદાવાદ ખાતે યોજાશે.

જે.ડી. નગરવાલા પોલીસ સ્ટેડિયમ શાહીબાગ ખાતે સાંજે ૫-૦૦ વાગે યોજાનાર સમાપન સમારોહમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે વિજેતાઓને ઈનામ વિતરણ કરાશે. આ પ્રસંગે કાયદા રાજયમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજયમંત્રીશ્રી નાનુભાઈ વાનાણી, આરોગ્ય પરિવાર કલ્યાણ રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, સાંસદશ્રી પરેશ રાવલ સહિત અમદાવાદના ધારાસભ્યો ખાસ ઉપસ્થિત રહેશે.

# મંત્રીઓ અધિકારીઓ ગુણોત્સવ કાર્યક્રમમાં પ્રવાસે જતાં સચિવાલય સૂમસામ

ગાંધીનગર, તા. ૨૦

રાજયમાં આજથી શરૂ થયેલા ગુણોત્સવ કાર્યક્રમમાં મંત્રીઓ અધિકારીઓ જતાં સચિવાલય મંત્રીઓ અધિકારીઓ વિહોણું બન્યું હતું.

શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધરે અને બાળકોને આપવામાં આવતા શિક્ષણનું મૂલ્યાંકન કરવા માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષથી ગુણોત્સવ કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે જે અંતર્ગત આ વર્ષે પણ આજથી ત્રણ દિવસ માટે ગુણોત્સવ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ગુણોત્સવ કાર્યક્રમ માટે રાજયમંત્રી મંડળના મંત્રીઓ સનદી અધિકારીઓ ઉપરાંત કલાસ વન અધિકારીઓને જિલ્લા તાલુકાઓની જવાબદારીઓ સોંપવામાં આવતાં ચમામ મંત્રીઓ અને અધિકારીઓ આજથી જિલ્લાઓના પ્રવાસે જતાં ત્રણ દિવસ સચિવાલય મંત્રીઓ અધિકારીઓ વિહોણું બન્યું છે.

મંત્રીઓ અને અધિકારીઓન સોંપવામાં આવેલ જિલ્લા તાલુકાઓમાં ત્રણ દિવસ રોકાઈને શાળાઓમાં જઈને બાળકોને વાંચન ગણન સહીતની વિષયો અંગે બાળકોને પ્રશ્નો કરીને શાળામાં અપાતા શિક્ષણનું મુલ્યાંકન કરવામાં આવશે અને તેમને થયેલ અનુભવો અંગેનો અહેવાલ સરકારને સુપરત કરવાનો રહેશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ચકાસણી - વાયબ્રન્ટ સમીટ પૂર્વે સ્ટ્રીટ લાઈટની ચકાસણી ચાલી રહી છે... નગરની સ્ટ્રીટ લાઈટ કયાં કયાં બંધ છે તેની ચકાસણી માટે આજે દિવસભર ટોરેન્ટ પાવરની ટીમ શહેરનું પરિભ્રમણ કરતી હતી. કેટલાક નાગરિકો ધોળે દિવસે લાઈટ ચાલુ હોવાની ફરિયાદો પણ કરતાં હતા. ટોરેન્ટ પાવરની સ્પષ્ટતાથી નાગરિકોને સંતોષ થયો હતો.

# વિદ્યાર્થીઓને મચ્છરોથી થતા રોગો અંગે માર્ગદર્શન અપાશે

## મચ્છરોનો ઉપદ્રવ અને રોગચાળાને ડામવા ૨૮મીએ બાયસેગ મારફતે વિદ્યાર્થીઓને જાગૃત કરવા પ્રયાસ

ગાંધીનગર, તા. ૨૦

આરોગ્ય વિભાગ તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં લેવા અને મચ્છરોથી થતા રોગો અને તેના ઉપદ્રવને ડામવા બાયસેગ મારફતે એક કાર્યક્રમ યોજવામાં આવશે. આગામી તા. ૨૮ નવેમ્બરના રોજ રાજ્યની તમામ શાળાઓમાં સેટકોમ મારફતે કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમ અન્વયે માધ્યમિક વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને છ કૌશલ્યો અને પાંચ મુલ્યો બાબતે પણ જ્ઞાન આપી ચકાસણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પૈકી એક આરોગ્ય સંદર્ભે તા. ૨૮ નવેમ્બરના રોજ બપોરે ૧૨ થી ૨ કલાક દરમિયાન વિદ્યાર્થીઓને વાહકજન્ય રોગ અંગે પણ માહિતગાર અને જાગૃત કરવામાં આવશે. બાયસેગ મારફતે યોજાનારા આ કાર્યક્રમમાં વિદ્યાર્થી પોતે બિમાર જ ન પડે તે માટે શુ કરવું, મચ્છરોથી થતા રોગો અંગે જાણકારી આપવામાં આવશે. મચ્છરોથી થતા રોગોને ડામવા પ્રયાસ કરાશે. મેલેરીયા, ડેન્ગ્યુ તેમજ ચિકનગુનિયા સહીતના વાહકજન્ય મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા કાર્યક્રમના માધ્યમથી જાગૃતિ કેળવવા પ્રયાસ હાથ ધરાશે.

# નગરમાંથી બહાર નોકરી-વ્યવસાય અર્થે જતાં લોકો અસલામત વાહનપાર્કિંગ માટે મજબૂર

## નગરમાં સેક્ટરવાઈઝ જાહેર પરિવહનની વ્યવસ્થા ન હોવાથી મુખ્ય સ્થળે પોતાનું વાહન લઈને આવવુ પડે છે



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા. ૨૦

પાટનગરમાં વસવાટ કરતાં અને નગર બહાર નોકરી કે વ્યવસાય કરતાં લોકો હાલ નગરની ચારે બાજુ પોતાનું વાહન અસલામત રીતે પાર્ક કરી જતાં હોય છે. નગરના સેક્ટર-૧ થી સેક્ટર-૩૦ માં જાહેર પરિવહનની વ્યવસ્થા પ્રથમથી જ ન હોવાથી મુખ્ય સ્થળોએથી બહાર જવા-આવવા માંગતા વાહનોમાં બેસવા પોતાનું વાહન લઈને જે તે અસલામત સ્થળે પાર્ક કરવાની લોકોની મજબુરી બની છે. હાલ અસંખ્ય લોકો દૈનિક આ રીતે નગરની બહાર નોકરી, ધંધા અને વ્યવસાય અર્થે જઈ રહ્યા છે જેમને પોતાના કરેલા અસલામત વાહનપાર્કિંગની

● અનુસંધાન પાન-૭ પર

### બેસણું




અમારા માતૃશ્રી સ્વ. પટેલ ગંગાબેન હરજીવનદાસ તા. ૧૭/૧૧/૨૦૧૪ ને સોમવારના રોજ અવસાન પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૧/૧૧/૨૦૧૪ ને શુક્રવાર ના રોજ સવારે ૮-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : મું. દેલવાડ (ઉમિયાનગર), ગાંધીનગર-મહુડી રોડ, તા.માણસા, જિ.ગાંધીનગર.

લી.
અશોકભાઈ હરજીવનદાસ પટેલ (લક્ષ્મી પોલીમર્સ-છત્રાલ)
અમૃતભાઈ હરજીવનદાસ પટેલ (જય અંબે ઈન્ડસ્ટ્રીઝ-અમદાવાદ)
રમેશભાઈ જીવરામદાસ પટેલ (જય અંબે લેમીનેશન-ગાંધીનગર)
દિલીપભાઈ અંબાલાલ પટેલ (શક્તિ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ-આબુ રોડ)







SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com